મહિલાઓ સામેના અત્યાચારો રોકવા માટે તાલુકા/ ગ્રામ્ય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિનું બંધારણ નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ મફસ/૨૯૨૦૧૪/૭૬૦૮/ડ

સચિવાલય,ગાંધીનગર

તા:- ૧૯/03/૨૦૧૫

સંદર્ભ:- (૧) ગૃહ વિભાગનો તા:૦૬/03/૯૧નો ઠરાવ ક્રમાંક:- પરચ/૨૯૯૦/૧૮૬૪/ન

(૨) ગૃહ વિભાગનો તા:૦૧/૧૦/૯૪ નો ઠરાવ ક્રમાંક: મફસ /૨૯૯૪/૫૮૬/ડ

(૩) ગૃહ વિભાગનો તા:૨૬/૦૨/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક:- મફસ/૨૯૨૦૧૪/૭૬૦૮/ડ

ઠરાવ:-

મહિલાઓ સામેના અત્યાચારો રોકવા માટે તાલુકા/ગ્રામ્ય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિની રચના/બંધારણ નક્કી કરવા અંગે ગૃહ વિભાગના ઉપર સંદર્ભ (૩) આગળના તા:૨૬/૦૨/૨૦૧૫ ના ઠરાવથી હુકમો કરવામાં આવેલ છે.જે ઠરાવ રદ કરી તાલુકા/ગ્રામ્ય કક્ષાની મહિલા સમિતિનું બંધારણ અને તેણે બજાવવાની કામગીરી વગેરે આથી નીચે જણાવ્યા મુજબ નક્કી કરવામાં આવે છે.

(ક) તાલુકા મહિલા સુરક્ષા સમિતિ

તાલુકા મહિલા સુરક્ષા સમિતિમાં ૧૫ મહિલા બિન સરકારી સભ્યોની નિમણુક કરવાની રહેશે તથા તેમાંથી એકની સમિતિના અધ્યક્ષ તરીકે નિમણુક કરવાની રહેશે

આ નિમણુકોમાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તાર/આઉટ પોલીસ સ્ટેશન વિસ્તારને સપ્રમાણ પ્રતિનિધિત્વ આપવાનું રહેશે. આ સભ્યોમાં એક અનુ.જાતિ, એક અનુ.જનજાતિ, એક અન્ય પછાત વર્ગ, એક લઘુમતી કોમ તથા એક શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલ મહિલા હોવી જોઈશે. આ નિમણુકો જિલ્લા મેજિસ્ટ્રેટએ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રીના પરામર્શમાં કરવાની રહેશે.

તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર/પોલીસ સબ ઈન્સ્પેકટર આ સમિતિના સભ્ય સચિવ રહેશે.

**(ખ) ગ્રામ્ય મહિલા સુરક્ષા સમિતિ**

ગ્રામ્ય મહિલા સુરક્ષા સમિતિમાં ૧૧ મહિલા બિનસરકારી સભ્યોની નિમણુક કરવાની રહેશે તથા તેમાંથી એકની સમિતિના અધ્યક્ષ તરીકે નિમણુક કરવાની રહેશે.

આ નિમણુકમાં ગામના તમામ વિસ્તારને સપ્રમાણ પ્રતિનિધિત્વ આપવાનું રહેશે. આ સભ્યોમાં એક અનુ.જાતિ, એક અનુ.જનજાતિ, એક અન્ય પછાત વર્ગ અને લઘુમતી કોમની મહિલા હોવી જોઈશે. આ નિમણુકો તાલુકા મામલતદારશ્રીએ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના પરામર્શમાં કરવાની રહેશે.

સંબંધિત આઉટ પોસ્ટના ઈન્ચાર્જ પોલીસ કર્મચારી પણ આ સમિતિમાં સભ્ય તરીકે રહેશે. જયારે તલાટી આ સમિતિના સભ્ય સચિવ તરીકે રહેશે.

**(ગ) તાલુકા અને ગ્રામ્ય મહિલા સુરક્ષા સમિતિના સભ્યોની શરતો / તેમને મળવાપાત્ર લાભ નીચે મુજબ રહેશે.**

(૧) તાલુકા મહિલા સુરક્ષા સમિતિના બિન સરકારી સભ્યો વર્ગ – ૨ ના દરજ્જાના સમકક્ષ ગણાશે અને આ સમિતિના બિન સરકારી સભ્યોને મુસાફરી ભથ્થાં તથા દૈનિક ભથ્થાંના બિલ ઉપર સમિતિના સભ્ય સચિવ પ્રતિ હસ્તાક્ષર કરશે.

(૨) સમિતિની બેઠક દર ત્રણ માસે નિયમિત બોલાવવાની રહેશે.આ માટેની કાર્યવાહી સભ્ય સચિવે કરવાની રહેશે.

(૩) સમિતિના સભ્યો પૈકી જે સભ્ય ત્રણ બેઠકમાં જાણ કર્યા સિવાય ગેરહાજર રહેશે તેમનું સભ્ય પદ આપોઆપ રદ થશે.

(૪) સમિતિની મુદત તેની રચનાના હુકમથી ત્રણ વર્ષની રહેશે.

**(ઘ) તાલુકા/ગ્રામ્ય મહિલા સુરક્ષા સમિતિની કામગીરી નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.**

(૧) ગૃહ વિભાગના તા:૩૦/૦૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:- મહસ/૨૯૨૦૧૪/૯૮૪/સ થી રાજય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિ માટે જે કામગીરી નકકી કરવામાં આવેલ છે

( ઠરાવની નકલ સામેલ છે ) તે કામગીરી તાલુકા/ગ્રામ્ય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિઓએ પણ મહદ અંશે બજાવવાની રહેશે.

(૨) ગ્રામ્ય સ્તરે દિકરીઓને ફરજીયાત શિક્ષણ અંગે માર્ગદર્શન આપવાની કામગીરી.

(૩) સામાજિક કુપ્રથાઓ તેમજ દહેજ પ્રથા જેવા કુરીવાજોની બદીને અટકાવવા માટે જન જાગૃતિ લાવવી.

(૪) ઘરે ઘરે શૌચાલય બનાવવા બાબતે જાગૃતિ લાવવી.

(૫) વ્યસન મુકિત અંગેના કાર્યક્રમો યોજવા.

(૬) અગત્યના સેમિનારો / શિબીરો વગેરેમાં તાલુકા કક્ષાની સમિતિના સભ્યોને હાજર રાખવા.

(૭) મહિલાઓ માટે સરકારની વિવિધ યોજનાઓ બાબતે ગામજનોને જાણકારી આપવી.

(૮) મહિલાઓને લગતી કાયદાકીય જોગવાઈઓ અંગે મહિલાઓને માહિતગાર કરવી.

(૯) મહિલાઓને સ્વ–નિર્ભર બનાવવી અને તેમનામાં આત્મવિશ્વાસ જગાડવો.

(૧૦) બાળ લગ્ન રોકવા / અટકાવવા બાબતે કાર્યવાહી કરવી.

૨, આ અંગેનો ખર્ચ માંગણી નં. ૪૬, મુખ્ય સદર ૨૨૩૫ – સામાજિક સુરક્ષા અને કલ્યાણ, ગૌણ સદર –૧૦૩– મહિલા કલ્યાણ, પેટા સદર –૦૧ – મહિલા કલ્યાણ, વિગતવાર સદર – ૦૦, આયોજન બહાર સદરે ઉધારવામાં આવશે અને આ સદર હેઠળ મંજુર થયેલ ગ્રાન્ટ માંથી મેળવવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધીમંત એ. પટેલ)
નાયબ સચિવ
ગૃહ વિભાગ